અપીલ અરજી નં.૪૧૭ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી આપશ્રીની કચેરીએ આપેલ તા. ૮–૯–૧૧ના રોજના પત્રના અનુસંધાનમાં અરજીમાં જણાવેલ ગેરકાયદે મિલ્કત વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૭/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે.જાંગીડની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી આપશ્રીની કચેરીએ આપેલ તા. ૮–૯–૧૧ના રોજના પત્રના અનુસંધાનમાં અરજીમાં જણાવેલ ગેરકાયદે મિલ્કત વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૭ તા.૩૦–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૫૮૪–૫૮૫ તા.૧૯–૧૨–૧૧ થી અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.ઈઝેડ/ આરટીઆઈ /૫૮૪ તા.૫–૧૨–૧૧ થી આપેલ માહિતીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /જાવક/ ૧૩૧૬ તા.૧૮–૧૦–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ , અત્રે મળેલ. જયારે અરજદાર તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં. નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૩૧૬ તા.૧૮–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.૧ ટી.પી.૪ (અશ્વનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં.૧૭૯ જે ગોપાલ લોચો તરીકે ઓળખાતી મિલકતમાં આજસુધી કરેલ કાર્યવાહીની નકલો આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમણે માંગેલ માહિતી વરાછા ઝોનની કચેરીએ જરૂરી ફી ભર્યેથી ઉપલબ્ધ થશે. તેવું સમય અવધિ બાદ જણાવેલ. સાથે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ રૂલ્સ ૨૦૧૦ હેઠળના નિયત નમુનામાં ફી ભરવાનો પત્ર પાનાની સંખ્યા કે ફી ની રકમ પણ જણાવેલ નથી. હકીકત જોતાં મુદ્દા નં. ૨ ની દફતરી માહિતી અને તકરારને સ્થાન નથી. મુદ્દા નં.૨ મોજે સરથાણા બ્લોક નં.૧૬૦ પૈકીની જમીન ઉપર " પંચવટી સોસાયટી" ના સબ પ્લોટ નં.૪ તથા ૫ ની વચ્ચેના સી.ઓ.પી. પર રોશની મોટર્સ તરીકે ઓળખાતી મિલકતમાં આજ સુધી કરેલ કાર્યવાહીની નકલો આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમણે માંગેલ મિલકતમાં વરાછાઝોન કચેરીએથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવી કોઈ વિગત વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી હોય તો મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા જણાવેલ તેમ છતા કોઈ વિગત રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પાડવામાં આવેલ માહિતી દફતરી ઉપલબ્ધ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવા આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે.જાંગીડ,